ગાંધીનગર સમાચાર
તા. ૨૨-૬-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

રેલવે ભાડાવધારો : પ્રજા સાથેનો વિશ્વાસઘાત

કેન્દ્ર સરકાર દ્વારા રેલવે બજેટ પૂર્વે કરાયેલ બેફામ ભાડાવધારો મોદી સરકાર દ્વારા પ્રજાને અપાયેલ કડવી દવાનો પહેલો ડોઝ છે. ચૂંટણી જીતવા માટે મોદીએ જે લોભામણું સૂત્ર રમતું મૂક્યું હતું - 'અચ્છે દિન આનેવાલે હૈં' પ્રજા એમના એ વચન પર વિશ્વાસ મૂકીને એમની રેલીઓ દરમિયાન ઉમળકાભેર એ સૂત્ર દોહરાવતી રહી અને મતદાનના દિવસે દેશ આખાએ કચકચાવીને મોંઘવારીની જનેતા સમી મનમોહન સરકારને હટાવવા ભાજપની તરફેણમાં વોટિંગ કર્યું હતું. ત્યારે પ્રજાજનોને મોદીમાં મસીહાના દીદાર થતા હતા. એમને સાઠ વરસના કોંગ્રેસી શાસન સામે ફક્ત સાઠ મહિના માગ્યા હતા. જાણે પોતાની પાસે જાદુઈ છડી હોય અને એ ફેરવતાંની સાથે બધી સમસ્યાઓ એકસામટી ઉકલી જવાની હોય એમ મોદી આકાશી દેવદૂતની જેમ એક જગ્યાએથી બીજી જગ્યાએ ઊડતા રહ્યા અને પ્રજાને મોંઘવારી તથા ભ્રષ્ટાચાર જેવા વિકરાળ પ્રશ્નો ચપટીમાં ઉકેલાઈ જશે એવો સધિયારો આપતા રહ્યા. 'અબકી બાર મોદી સરકાર' જેટલું જ લોકપ્રિય સૂત્ર હતું - 'અચ્છે દિન આનેવાલે હૈ' મા-બેટાની સરકાર બની નથી કે દેશ તમામ પ્રકારનાં સંકટોથી મુક્ત થઈ જવાનો, એવી ફેન્ટસી સાથે યુવાવર્ગ, મહિલાઓ અને ગરીબોએ આંખો મીંચીને એકતરફી મતદાન કર્યું. પરિણામે કોંગ્રેસ એનો અત્યાર લગીનો સૌથી નબળા તબક્કે પહોંચી ગઈ તથા ભારતીય જનતા પાર્ટીને (બલકે ખરું પૂછો તો નરેન્દ્ર મોદીને) એમની કલ્પના બહાર ઐતિહાસિક સફળતા હાંસલ થઈ. ચૂંટણી વખતે શાસક યુપીએને સૌથી વધારે નહીં મોંઘવારી. યુપીએ-૨ સરકારનાં સૂત્રો સંભાળતાં વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહે સો દિવસોમાં મોંઘવારી પર અંકુશ મેળવી લેવાશે એવી ખાતરી ઉચ્ચારેલી. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા અર્થશાસ્ત્રી વડાપ્રધાન આ મુદ્દે ધરાર નિષ્ફળ નીવડ્યા હતા અને તેથી જ દેશની પ્રજા આ વખતે એમને ધરાર નિષ્ફળ નીવડ્યા હતા અને તેથી જ દેશની પ્રજા આ વખતે એમનો જાકારો ભણવા કૃતસંકલ્પ હતી. પરંતુ ત્યારે પ્રજાને સ્વપ્ને પણ કલ્પના નહીં હોય કે વડાપ્રધાન બન્યા પછી નરેન્દ્રભાઈ ઈને એમના નાણાંપ્રધાન અરૂણ જેટલી પણ મનમોહન અને ચિદંબરમ્‌ની ભાષા બોલતા થઈ જશે. રેલવે બજેટમાં દરેક વર્ગના યાત્રીભાડામાં ૧૪.૨ ટકા અને માલભાડામાં ૬.૫ ટકાનો વધારો ઝીંકીને પાછા રેલવેમંત્રી સદાનંદ ગૌડા અપયશનો ટોપલો વિદાય થયેલી યુપીએ સરકાર પર ઢોળે છે, હકીકત જે હોય તે, પરંતુ પ્રજાને જબરદસ્ત ધક્કો લાગ્યો છે. મોંઘવારી રૉકેટ ગતિએ વધી રહી છે અને જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ દિવસે દિવસે મોંઘી બની રહી છે. રેલવે બજેટનો ભૂતકાળ જોઈએ તો લાલુપ્રસાદ અને મમતા બેનરજીના રેલ્વે મંત્રી તરીકેનો કાર્યકાળ દરમિયાન યાત્રીભાડાંનાં જૂજ વધારો થતો તે પણ વાતાનુકૂલિત વર્ગો પૂરતો. રેલવેને આથી મોટી ખોટ જતી હશે તે સમજી શકાય એમ છે. હવે મોદી સરકાર તો વિદશી રોકાણ નિયંત્રિત કરીને બુલેટ ટ્રેનો દોડાવવાની વાતો કરે છે. એથી એમને એક સામટી અગાઉની ભેગી કરેલી ખોટ સરભર કરી નાખવાની ઉતાવળ આવી ગઈ હોય એમ બહુ મોટો ભાડાવધારો ઝીંકી દઈ પ્રજાની પીઠમાં ખંજર ભોંક્યું છે. પ્રજાનો ચચરાટ તો હજી હવે પછી જોવા મળશે, પરંતુ કોંગ્રેસને સુષુમાવસ્થામાંથી બહાર આવી મોદી સરકાર વિરૂદ્ધ દેખાવો કરવાની સોનેરી તક જરૂર સાંપડી છે. આવી સમસ્યાઓ સામે મૂર્ખતાપૂર્વક વર્તમાન યુપીએ સરકાર લોકોની આંખોમાં ઊતરી ગઈ હતી એ હકીકત મોદી આણિ મંડળી ભૂલી ગઈ હશે કે શું?

સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીમાં ટૉય હાઉસનું ભવ્ય ઉદ્‌ઘાટન

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીનો ઈતિહાસ જેટલો જુનો છે તેટલો જ ગૌરવવંતો છે તેની પ્રવૃતિઓ દિવસે દિવસે તરોતાજા થતી જાય છે આમ એની પ્રવૃતિઓ વિકાસની નવી-નવી ક્ષિતિજો સર કરતી જાય છે. એકવીસમી સદીને અનુરૂપ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસને કેન્દ્ર સ્થાને રાખી સંસ્થા દ્વારા બાળકો વૈવિધ્યસભર અને તેમની સમજવૃતિને અનુરૂપ જ્ઞાન મેળવી શકે અને રમો, શીખો અને જીવનની પ્રત્યેક પળને માણો તેવા લક્ષથી શ્રીમતી મંગળાબેન ઈશ્વરભાઈ પટેલ ટૉય હાઉસનુ નિર્માણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના સહયોગથી કરવામાં આવ્યુ જેનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ તા. ૨૧-૦૬-૨૦૧૪ શનિવારના રોજ દાતાશ્રી ઈશ્વરભાઈ એમ. પટેલના વરદ્‌હસ્તે શ્રીમતી મંગળાબેન ઈશ્વરભાઈ પટેલ (ઊંટવાવાળા) ટૉય હાઉસ ખુલ્લુ મુકવામાં આવ્યુ હતુ જે પ્રસંગે દાતાશ્રીના સમગ્ર પરિવારજનો હાજર રહ્યાં હતા. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી,ના ચેરમેન તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, સંસ્થા પ્રમુખશ્રી ડૉ. રામભાઈ એમ. પટેલ તેમજ કડી શહેરના અગ્રણી ઉદ્યોગપતિશ્રી જગદીશભાઈ એન. પટેલ, સંસ્થાના મંત્રીશ્રી મણિભાઈ એસ. પટેલ, ડૉ. જયંતિભાઈ એમ. પટેલ, શ્રી મહેશભાઈ પી. પટેલ તથા સંસ્થા પરિવારનો સમગ્ર સ્ટાફ હાજર રહ્યાં હતા. આ પ્રસંગે સંસ્થાના ચેરમેનશ્રીએ જણાવ્યુ હતુ કે ટૉય હાઉસ અંગે અમારો દૃષ્ટિકોણ.

● બાળકોને વૈવિધ્યસભર અને તેમની સમજવૃતિને અનુરૂપ જ્ઞાન આપવુ. ● બાળકો તેની શાળા અને જીવનમાં સંપૂર્ણપણે સફળ અને નિપૂર્ણ બને. ● બાળકને તણાવમુક્ત, આનંદદાયી અને અર્થપૂર્ણરીતે પ્રવૃતિમય શિક્ષણ મેળવી પ્રોત્સાહિત થાય. ● બાળકોની કલ્પના શક્તિ, યાદ શક્તિ, સામાજિકતા તેમજ કલાત્મકતાના ગુણો ખીલે. ● બાળકોની વય કક્ષાને અનુરૂપ પ્રવૃતિઓ શારીરિક સર્વાંગી અને બૌધ્ધિક સ્તરને વિકસીત કરી શકે તે હેતુને ધ્યાનમાં રાખી શ્રીમતી મંગળાબેન ઈશ્વરભાઈ પટેલ (ઊંટવાવાળા) ટૉય હાઉસનુ નિર્માણ સંસ્થા દ્વારા કરવામાં આવેલ છે.

સેક્ટર-૨૪ની સ્વામી વિવેકાનંદ શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧ કાર્યક્રમની શરૂઆત 'નશાબંધી મેયર મહેન્દ્રસિંહ રાણાએ શાળાની કોઈમાં 'સત્યમ્... શિવમ્...

સેક્ટર-૨૪માં આવેલ સ્વામી વિવેકાનંદ શાળામાં પ્રવેશોત્સવ કાર્યક્રમ મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને આમંત્રિતોની હાજરીમાં વિવિધ પ્રસંગો સાથે આ કાર્યક્રમ હાજર સૌમાં આકર્ષિત બન્યો હતો.

રાજ્યભરમાં ઉજવાઈ રહેલા પ્રવેશોત્સવ કાર્યક્રમથી પ્રજાજનોમાં હરખની લાગણી પેદા થઈ છે. આવો જ પ્રવેશોત્સવ સેક્ટર-૨૪માં સ્વામી વિવેકાનંદ શાળામાં ઉજવાયો હતો. આ પ્રસંગે મેયર મહેન્દ્રસિંહ રાણા, કોર્પોરેટર સુરેશભાઈ મહેતા તથા ભાજપના પ્રદેશ અગ્રણી સંજીવ મહેતા ઉપસ્થિત રહ્યા હતા અને સંસ્કાર મસાલ' રેલીથી કરાઈ હતી.

શાળામાં ૧૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ કરાવાયો હતો અને અશોકભાઈ મહેતાએ શૈક્ષણિક કીટ ભેટ આપી હતી. શાળામાં સંસ્કૃતની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર તમામને પ્રમાણપત્ર એનાયત કરી પ્રવૃત્તિઓને બિરદાવી વિદ્યાર્થીઓને શિક્ષણ ઘડતરની શુભેચ્છા પાઠવી હતી. નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગરના કોઓર્ડીનેટર રજનીભાઈ સુથારે શાળાને વોલીબોલ, કેરમ, ચેસ વગેરેની ભેટ આપી હતી. તેમજ હાજર સૌ સુંદરમ્‌ના સ્વાગત ગીતની સુરાવલીએ વાતાવરણને સંગીતમય બનાવી દીધુ હતુ અને નશાબંધી નિયામક વસાવા, સુરેશભાઈ મહેતા અને સાંજીવભાઈ મહેતાએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી શિક્ષણના મહત્વ ઉપર ભાર મુક્યો હતો.

જ્યોતિ મહિલા મંડળ દ્વારા રાધાકૃષ્ણના ભકિત ગીતોની સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૧

જ્યોતિ મહિલા મંડળ ગાંધીનગર, વિવિકે ચેરીટેબલ ટ્રસ્ટ અને અરવિદ સંસ્કાર કેન્દ્ર, સેક્ટર-૨૩ દ્વારા અષાઢી નવરાત્રી દરમિયાન રથયાત્રા જેવા પવિત્ર તહેવારને અનુલક્ષીને બહેનો માટે રાધાકૃષ્ણના ગીતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્પર્ધા તા. ૨૭ જુન ના રોજ બપોરે ૨-૦૦ વાગે અરવિંદ સંસ્કાર કેન્દ્ર સેક્ટર-૨૩ ખાતે યોજવામાં આવનાર છે. સ્પર્ધામાં પાંચથી વધુ ગૃપમાં બહેનો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે લતાબેન ચોકસી-૨૩૨૨૦૧૬૦, નિરુબેન નાયક-૨૩૨૨૬૫૪૬, પુષ્પાબેન મહેતા-૨૩૨૨૨૨૯૦ અને શકુંતલાબેન શાહ ૨૩૨૨૯૪૪૭ પર સંપર્ક કરવા કું. ચતના બુચે જણાવ્યું છે.

હરિની દૃષ્ટિ...

તમારી ફર્માઇશ મુજબ વરસાદ લાવવા, મેઘ - મલ્હાર ગાવાની જરૂર નથી, તમારા કકળાટીયા સંગીત વધુ વગાડવાને કારણે વરસાદ આવતો નથી...!!!

એમ.બી. પટેલ ઈંગ્લિશ અને શ્રીમતી આર.સી. પટેલ સ્કૂલમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

સેક્ટર-૨૩માં આવેલ શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ અને એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલમાં ધોરણ-૯ અને ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓને કંકુતિલક કરી પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

શહેરી શાળા પ્રવેશોત્સવ દરમિયાન સરકારી અને ખાનગી તમામ પ્રકારની શાળાઓ દ્વારા પ્રવેશોત્સવના પર્વને ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યું. વિદ્યાર્થીઓને કંકુ તિલક કરી પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. સેક્ટર-૨૩ સ્થિત શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલમાં ધોરણ-૯ના વિદ્યાર્થીઓને પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

કડી કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, નાયબ મામલતદાર એસ.આર. પટેલની ઉપસ્થિતિમાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડૉ. પટેલે વિદ્યાર્થીઓને ખૂબ મહેનત કરી જીવનમાં પ્રગતિ કરવા જણાવ્યું હતું.

એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલમાં ધોરણ-૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓને તિલક કરી ગળ્યુ મોં કરાવી પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાની વિદ્યાર્થીની હાર્દી મંકોડીએ સ્વામી વિવેકાનંદના જીવન પર વક્તવ્ય આપી ઉપસ્થિત મહાનુભાવોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ચાલુ વર્ષે જિલ્લામાં સાતમા ક્રમે આવનાર વિદ્યાર્થી મિત શાહ અને રાજન ચૌધરીને શાળા પરિવાર દ્વારા સન્માનવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થી નિવીદ દેસાઈ અને ગ્રીવા રાવલે કર્યું હતું.

વસંતકુંવરબા કન્યા વિદ્યાલયમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

ધો-૯ અને ધો-૧૧ના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન તરીકે પ્રાથમિક પગાર કેન્દ્રની શાળા આચાર્યશ્રી દવે વાલી મંડળના પ્રમુખશ્રી ડાભીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.આચાર્યશ્રી દક્ષાબેન શુકલએ માર્ગદર્શન આપ્યું હતું. ધો-૯ અને ધો-૧૧ ના વિદ્યાર્થીઓને પાઠય પુસ્તકના સેટનું વિતરણ કરવામાં આવ્યું હતું શ્રી લીલાબેન રાવલે આભાર માન્યો હતો.

અઢી અક્ષરનું ચોમાસું અને બે અક્ષરના અમે...!!!



રઝળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

આકળ વિકળ આંખ કાન વરસાદ ભીજવે,
હાલક ડોલક ભાન શાન વરસાદ ભીજવે.
અહીં આપણે બે અને વરસાદ ભીજવે,
મને ભીજવે તું , તને વરસાદ ભીજવે.

- રમેશ પારેખ

આકાશમાં કાળા વાદળાઓ બંધાતા જાય છે, હવામાનખાતાની સાથે સાથે કરોડો નજરો કેરળના દરિયા કાંઠે મેઘાના પગરવનો અવાજ અને સમાચાર માણવા અધીરા બનતા જાય છે. સવારમાં ઓફિસે કે કામ ધંધે જવા નીકળતી વખતે અનાયાસ આકાશે જોવાઈ જવાય અને રોજ સવારે બંધાતા વાદળો આજે તો વરસશે જ એની રાહ જોવાનું ચાલુ થઈ જાય. આ વખતે નબળું ચોમાસું થશે એવી ધારણાઓ સાચી છે કે ખોટી એ તો મેહલા વરસે ત્યારે ખબર પડે પણ વરસાદી માહોલને માણવાનો થનગનાટ અનેરો હોય છે. પહેલા વરસાદની એ ખુશ્બુનો આનદ અનેરો હોય છે. વરસાદ એ ભગવાને આપેલી ખુશી અને આનદની એક એવી ફુહાર છે કે જેનો આનંદ અને આવીર્ભાવ નાના મોટા સૌના મન તન અને દિલો દિમાગને તરબતર કરી નાખે છે. આકાશમાં ઘેરાતા ઘટાટોપ વાદળાઓને જોઈને મન મોર બની થનગાટ કરવા માંડે . આકાશમાં દોડાદોડ કરતા કાળા ડીબાંગ વાદળાઓને નીરખતા અંતરના કોઈ ખૂણે ઝવેરચંદ મેઘાણીનું આષાઢી સાંજનાં અંબર ગાજે, અંબર ગાજે, મેઘાડંબર ગાજે! ગુંજવા માંડે તો સમજવું કે તમારું ચોમાસું ક્યાંક આસપાસ છે.

ચોમાસું મોસમ છે પલળવાની. અંતરને પલાળવાની. ભીજાવાની , ભીજવી દેવાની. ચોમાસું મોસમ છે વરસવાની. કોઈ ગમતા પાત્ર પર અનરાધાર વરસવાની, એને ભીજવી દેવાની. એની સાથે ભીજાઈ જવાની. બસ સ્ટેન્ડના પોલાદી પતરા નીચે ઉભા હોવ ને જેવો વરસાદનો પહેલો છાંટો પડે એ સાથે જ રસ્તા પર આવીને કોઈ તરસ્યો ખોબો ધરીને મટકીમાંથી પડનારી પાણીની ધારની પ્રતીક્ષા કરે એમ આકાશ સામે જોઈને વરસાદી ટીપાને આવકારવા નીકળી જવાય એનું નામ ચોમાસું. મોબાઈલ અને પર્સને પ્લાસ્ટિકની કોથળીમાં વીટીને પછી ઓફીસ ડ્રેસ કે કપડાની પરવા કર્યા વગર ભીજાવા મજબુર કરી મુકે એનું નામ ચોમાસું. રોજ ઓફીસથી રીક્ષામાં ઘરે આવતા હોવ પણ એક વરસાદી સાંજે માથા પર ઓફીસ બેગ મૂકીને પલળતા ઘરે પહોચાય એનું નામ ચોમાસું. કોઈ વરસાદી સાંજે બસમાંથી ઉતરીને રસ્તે ચાલતા જતા હોઈએ અને ચકચકાટ બુટની પરવા કર્યા વગર વરસાદી ખાબોચિયાના પાણીને પગથી છાલ્કવાની મજા લેવાનું મન થાય એનું નામ ચોમાસું . ખાબોચિયામાં થઈ જતા છબછબીયા તમને ફરી બાળક બનાવી મુકે તો એ છે ચોમાસું. આકાશ તરફ મો રાખીને ખોલ બંધ થતી આંખો સાથે વરસાદના ટીપાઓને ચહેરા પર જીલવાની મજા છે ચોમાસું. ભલે ને બચપના લાગે પણ આવું બચપના કરવા મજબુર કરી મુકે એનું નામ ચોમાસું ને જો છતાય વરસાદ પડતો હોય ત્યારે આકાશ તરફ મો નાં થતું હોય કે ખાબોચિયામાં છબછબીયા ના જ થતા હોય તો બહેતર છે કે જગજીતનું વો કાગજ કી કશ્તી, વો બારીશ કા પાની સાંભળી ને ય શું કામ છે? ભલે ને ઉમરની સાથે વરસાદની વ્યાખ્યા બદલાતી જતી હોય પણ વરસાદનું અંતરમન પર એકચક્રી સામ્રાજય ક્યારેય નથી બદલાતું.

આમ તો વસંત ઋતુને પ્રેમની ઋતુ ગણવામાં આવે છે. વસતને પ્રેમ જાણે એકબીજાના પર્યાય છે પણ પ્રેમની બાબતમાં આ ચોમાસું પણ કાઈ ઓછું નથી ઈનફેક્ટ કદાચ વસંત કરતા વર્ષા ઋતુમાં પ્રેમ વધુ ઉત્કટ અને અમર્યાદ સ્વરૂપે પ્રગટ થાય છે. કારણ વર્ષાઋતુ ઉત્તેજક છે . વરસાદનું વાતાવરણ વધુ ઉદ્દીપક છે. ધોધમાર વરસતો વરસાદ જાણે જીવ ને શિવ સાથે મેળવી આપતો હોય એમ એકાકાર કરી મુકે. ને એમાય જો તમે કોઈ પ્રિય પાત્ર સાથે હોવ કે પછી કોઈ પ્રિય પાત્રના વિચારોમાં હોવ તો તો પછી વરસાદી વાતાવરણની અસર થયા વગર રહે જ નહિ. અને પ્રિય પાત્રના સ્મરણમાં ઉર્વીશ વસાવડાની આ પંક્તિઓ ગણગણવાનું મન થઈ જાય કે - એ રીતે આવીને મળ વરસાદમાં, છોડ છત્રી, ને પલળ વરસાદમાં - વરસાદ વરસતો હોય ને પલળવાનું મન થાય અરે મન શું પણ અનાયાસે પલાળી જવા નીકળી પડાય તો માનજો કે તમે હજુ યુવાન છો. વરસાદ તમને યુવાન બનાવી રાખે છે. વરસાદી મોસમમાં તો તમારું મન લપસે તો સમજજો તમે હજુ યુવાન છો , વરસાદી સાંજ કે વરસાદી આબોહવા તમને લપસાવે જ. વરસાદી વાતાવરણ તમારા અંદરને લીલ્લુછ્મ્મ કરી મુકે છે જાણે અંતરની જમીન પર ગુલાબના વાવેતર થતા હોય ને પછી ચોમાસું જેમ જેમ આગળ વધે એમ એમ અંતર વધુ મહેકતું જાય.

યસ, ચોમાસું મહેકે ય છે. પહેલા વરસાદના છાંટા પડે ને માટીમાંથી જે મહેક ઉઠે એવી મહેક તમને બીજી એકેય ચીજમાં નહિ મળે. એ મહેક જ અનોખી હોય છે. એ મહેક નિરાળી હોય છે. એ મહેક અદભુત અને મનને દિમાગને તરબતર કરી નાખવા સક્ષમ હોય છે. તમે ગમે ત્યાં હોવ, ગમે તે વિચારમાં હોવ કે ગમે એવી ચિંતામાં હોવ પણ વરસાદી વાતાવરણમાં ભીજાયેલી માટીની મહેક જાણે કોઈ ઓસડીયાની ગરજ સારે. જાણે તમારી ચિંતા, ઉપાધી કે વિચારોના વિખવાદ પર કોઈએ શીતલ લેપ નાં લગાવ્યો હોય. માટીની મહેક શ્વાસમાં લેતા જ એક અજબ નિરાંતનો અનુભવ થાય. અને એવા વખતે જો ભીજાતા હોવ તો રમેશ પારેખના શબ્દોમાં ગામ ચોમાસા હેઠ ભીજાતું હોય એવા વરસાદના ટાણે, તમને તમે ગમવા માંડ્યા હો તે બીજું કોઈ ન જાણે! આપણે ખુદ ને જ ગમવા માંડીએ. વરસાદની પોતાની એક આગવી સુગંધ છે, એક એવી સુગંધ જે વરસાદમાં જ અનુભવાય. મોટા હોઝ પાઈપમાંથી નીકળતા પાણીમાં, બાથરૂમમાં રેલાતા શાવરમાં કે વોટર પાર્કમાં ઉછળતા પાણીમાં એ સુગંધ નાં હોય. ઉનાળો માણસને ઉગ્ર બનાવે. ભીષણ ગરમીથી આપણા સ્વભાવ આક્રમક બને પણ ચોમાસું માણસને એકદમ ઠંડોગાર બનાવે. ચોમાસાની આ છે કુલ ઈફેક્ટ. ચોમાસું આવે એટલે જાણે ઉગ્રતાને એક પ્રકારનું ટાઢોડું લાગી જાય.

ચોમાસું ખીલે તો છે જ લીલોતરીના સ્વરૂપે , વનરાજીના સ્વરૂપે . જાણે ધરતીરૂપી નવોઢા કોઈ હરિયાળી ચુંદડી ઓઢીને લહેરાતી ચાલે નીકળી પડી હોય. રસ્તાના ખૂણે ઉગી નીકળેલા લીલાછમ્મ નાના નાના છોડ પર હાથ ફેરવવાનું મન થઈ જાય એ છે ચોમાસું. વરસાદી મોસમમાં પ્રકૃતિ પુરેપુરી ખીલી ઉઠે છે. ઝાડ, છોડ જાણે હસતા હોય એવું લાગ્યા કરે. હજુ ગઈકાલે જે જગ્યા એ કશું જ નાં હોય ત્યાં રાતોરાત સરસ મજાના ટાબરિયા જેવા પવનના જોકે ખીલખીલાટ હસતા નાના નાના લીલાછમ્મ છોડ ઉગી નીકળે. ચોમાસું એટલે પલળવાની મોસમ તો ખરી જ પણ એનું સાચું મહત્વ છે ભીજાવાનું. ઉપરછલ્લા વરસાદી ફોરા જીલો તો તમે પલાળ્યા છો, ભીજાયા નથી. ઘણા એક બે છાંટા ઝીલીને ઘરમાં ભરાય જાય એને આપણે પૂછી પણ નાખતા હોઈએ છીએ કે તમે પલળ્યા કે ભીજાયા ? એટલે જ કદાચ આવા ખાલી પલળતા લોકો માટે જ શાયર આદીલ મન્સૂરી એ લખ્યું હશે કે - રેઈનકોટ, છત્રીઓ, ગમશૂઝ, વોટરપ્રુફ હેટ્સ, માનવીએ કેટલી ભીતો ચણી દીધી વરસાદમાં ! ભરપુર વરસાદમાં બાઈકની પાછલી સીટ પર પ્રિય પાત્ર કે સંગાથીને બેસાડીને પુરઝડપે નીકળતા વરસાદપ્રેમીઓને જોઈને નાકનું ટીચકું ચડાવીને હરખપદુડા છે એવું કહેતા લોકોને યાદ રહે કે ચોમાસું એટલે જ ભીજાવાની મોસમ, પલળવાની નહિ. એમાય પ્રેમીઓ માટે તો વાદળ અને વરસાદ એટલે જાણે એકાંત અને છલકાતો પ્રેમ. વરસતા વરસાદમાં ભીજાતી માશુકાના ગાલ પરથી દડદડતાં વરસાદી ટીપાઓને ચૂમવાની મોસમ. ચોમાસું એટલે પ્રેમી હૈયાઓને તૃપ્ત થવાની મોસમ અને ભીજાતી માશુકા કે માશુકના ભીના શરીરમાંથી આવતી ખુશ્બુમાં ઓતપ્રોત થઈને લુપ્ત થઈ જવાની મોસમ. પ્રેમીઓને તો વરસાદ બહારથી નાં ભીજવે એટલો અંદરથી ભીજવે. વરસતા વરસાદમાં ઠંડીગાર મોસમમાં બાઈકની પાછલી સીટ પર ભીજાતી, ઠંડીમાં ઠુંઠવાતી માશુકા અચાનક થયેલી વીજળીથી છલીને પ્રેમીને સજ્જડ ચોટી પડે એ છે અંદરથી ભીજાવું કે પછી પ્રેમી પાત્રના હાથમાં હાથ પરોવીને વરસાદની ચાલતા ચાલતા મજા માણતા હોવ ને વીજળીના એક ચમકારે બંને હાથની દસે આંગળીઓ સજ્જડ ભીસાય એ છે ભીજાવું, અંદરથી ભીજાવું .. અને પછી વરસાદમાં નીતરતી ચાર આખો જાણે મન મૂકીને વરસવાનું, પ્રેમ વરસાવાનું આહ્વાન આપતી હોય એમ બોલી ઉઠે તમે મન મૂકી ને વરસો, ઝાપટું આપણને ન ફાવે.

વરસાદ સંતાઈને નથી આવતો એ તો આવે વીજળીના ગડગડાટ ને વરસાદની ધોધમાર ફૂહારો સાથે, એને છુપાઈને આવવું પસંદ જ નથી. એ આવતા પહેલા કાળા ડીબાંગ વાદળોના છાયા ને મોકલે છે સંદેશો લઈ ને કે જાવ પૃથ્વીવાસીઓ ને કહી દો કે મહારાજા આવે છે અને પછી પધરામણી થાય છે મેઘ મહારાજની. એ છેડચોક આવે છે, દુનિયાની પરવા કર્યા વગર ને એટલે જ અચાનક વરસી પડતો વરસાદ પ્રેમીઓને માટે સ્વર્ગ થી કમ નથી તો પ્રેમીથી દુર રહેલા માટે વિરહનો સમય પણ બની જાય છે. ચોમાસામાં વિરહ વધુ વળગે. વધુ વ્યાકુળ બનાવે, વધુ જલદ લાગે. પ્રેમી પાત્ર વગરનું ચોમાસું એટલે જાણે બહાર વરસે આભ અને અંદર વરસું હું. ચોમાસાની વિરહણી મોસમમાં એક વાદળા આકાશે બંધાય છે અને બીજા વાદળા આખોમાં અને પછી બંને ધોધમાર વરસી પડે છે. જે વરસાદમાં પ્રેમી સાથે રખડવાની - ભીજાવાની મજા આવે એ જ વરસાદમાં પ્રેમી વગર ઘર બહાર પગ મુકવાનું ય મન નાં થાય. વિરહમાં પલળવું ય અભિશાપ લાગે. એકલા એકલા પલળવું એટલે જાણે કે દાહક અગ્નિમાં જલવું. કવિ શ્રી ભાગ્યેશ જહા સરસ લખે છે કે - આ બારીમાં ટપકે છે ભીનું આકાશ અને ચોમાસું છલકે ચોપાસ; અહી શેરીનાં દિવામાં એકલતા સળગે છે ઉપર છે કાળું આકાશ.. ચારેકોર વરસતા ધોધમાર વરસાદમાં પણ સાવ કોરા રહી જાવાય એનાથી વધુ મોટી કરુણતા બીજી કઈ હોય શકે? આભમાંથી ટપ ટપ કરતા પડતા પહેલા વરસાદના ટીપા જાણે હૈયામાં શુળ ઉપાડી મુકે . પહેલા વરસાદનો છાંટો વાગવાનું દર્દ પણ કેટલું મીઠું હોય એ કવી શ્રી અનીલ જોશી એ બખૂબી વર્ણવ્યું છેઁ પહેલા વરસાદનો છાંટો મુને વાગીયો હું પાટો બંધાવા હાલી રે .વેંત વેંત લોહી કાંઈ ચું થીયું ને જીવને ચઢી ગઈ ખાલી રે આ બિલકુલ એના જેવી જ વાત થઈ કે પલળ્યા ખરા પણ ભીજાયા નહિ. બાકી ચોમાસામાં ખરી મજા તો ભીજાવાની જ છે. અન્નાયાસે કે અનિચ્છાએ પલળી તો જવાય પણ ભીજાવા માટે તો વરસાદી દિલ જોઈએ, આંખોમાં ચાતક ઉડતા હોવા જોઈએ, કંઠમાં મોરલાઓ કેકારવ કરવા થનગનતા હોવા જોઈએ અને તો જ અને તો જ ભીજાઈ શકાય નહીતર ખાલી પલળ્યા જ ગણાય.

તો બસ હવે ચોમાસું આસપાસ જ છે ત્યારે આ વરસાદે ખાલી પલળો જ નહિ પણ તન મનથી પુરેપુરા ભીન્જાવ એવી અભ્યર્થના સાથે લેખના ટાઈટલની પંક્તિ જે કાવ્યની છે એ શ્રી ભગવતીકુમાર શર્માના આ કાવ્ય સાથે ચોમાસાને આવકારીએ -

અઢી અક્ષરનું ચોમાસું, ને બે અક્ષરના અમે;
ખોટ પડી અડધા અક્ષરની, પૂરી કરજો.. તમે
ત્રણ અક્ષરના આકાશે આ બે અક્ષરની વીજ,
બે અક્ષરનો મોર છેડતો સાત અક્ષરની ચીજ.
ચાર અક્ષરની ઝરમર ઝીલતાં રૂંવાડાં સમસમે,
ખોટ પડી અડધા અક્ષરની, પૂરી કરજો.. તમે
ચાર અક્ષરના ધોધમારમાં છ્લબલ આપણાં ફળિયાં;
આંખમાં આવ્યાં પાંચ અક્ષરનાં ગળાબૂડ ઝળઝળિયાં
ત્રણ અક્ષરનું કાળજું કહો ને, ઘાવ કેટલા ખમે ?
ખોટ પડી અડધા અક્ષરની, પૂરી કરજો.. તમે
પાંચ અક્ષરનો મેઘાડંબર, બે અક્ષરનો મેહ,
અઢી અક્ષરના ભાગ્યમાં લખિયો અઢી અક્ષરનો વ્રેહ
અડધા અક્ષરનો તાળો જો મળે, તો સઘળુ ગમે,
ખોટ પડી અડધા અક્ષરની, પૂરી કરજો.. તમે
ત્રણ અક્ષરનું માવઠું મુજ સંગ અટકળ અટકળ રમે
ખોટ પડી અડધા અક્ષરની, પૂરી કરજો.. તમે

વિસામો -

સાવ હળવો વરસાદ (ઝરમર વરસાદ), પછેડી પાથરી હોય એ પલળી જાય એટલો વધારે વરસાદ (પછેડીય